L.A.G.P.ACT-90(A)

## <u>આંક– ૧ હેઠળનો હુકમ</u>

**ફોજદારી કેસ નં.૭૨૧૯૦/૨૦૨૨**

(૧) સદર કામનુ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ ઉપર લઈ વંચાણે લીધુ. આ કામના આરોપી સામે બોમ્બે/ગુજરાત પોલીસ એકટની કલમ–૯૦(અ) મુજબનો ગુનો નોધાતા આરોપી સામે હાલનુ ચાર્જશીટ અત્રેની કોર્ટમા આવતા આરોપીને સમન્સની બજવણી કરવામા આવેલ અને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામા આવેલ છે.

(૨) આરોપીની પ્લી લેતા આરોપીએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે તેમજ તેઓએ અલગથી કબુલાત પુરસીશ પણ આપેલ છે અને વધુમા જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે. ગુના બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે. કાયદાની અજ્ઞાનતાને લીધેલ અજાણતાથી ગુનો થયેલ છે. તેથી ભવિષ્યમા આવો ગુનો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓને હળવો દંડ કરવા અરજ ગુજારેલ છે.

(૩) આરોપી દ્રરા આપવામા આવેલ કબુલાત સ્વૈચ્છિક હોવાનુ ખરાઈ કરતા જણાઈ આવે છે તેમજ આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરતા હોવાનુ પણ ફલીત થાય છે. આ તબકકે અત્રેની કોર્ટ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા ૨૦૦૫(૧) જી.એલ.આર પાના નં. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર ના કેસમા આપેલ ચુકાદા ઉપર આધાર રાખી તેમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લીધેલ છે. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે. તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે. તેઓનો આ પ્રથમ ગુનો છે. આરોપીની સામાજીક તેમજ આર્થિક પરીસ્થિતિને ધ્યાને લેતા તેમજ ઉપરોકત ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપીને તકસીરવાન ઠરાવી યોગ્ય રકમનો દંડ ભરવાનો હુકમ કરવામા આવે તો ન્યાયી રહેશે તેવુ અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવુ છે. જેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

### <u>આખરી હુકમ</u>

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે જી.પી.એકટની કલમ–૯૦(અ) ના ગુના માટે તકસીરવાન ઠરાવી, પ્રત્યેક આરોપીને રૂપિયા **૨૦૦/–** લેખે **કુલ રૂા. ૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)** નો દંડ તથા દંડ ના ભરે તો દિન–૧ (એક) ની સાદી કેદની સજા ફરમાવવામા આવે છે.

મુદ્દામાલ બાબતે વચગાળાનો કોઈ હુકમ કરવામા આવેલ હોય તો તે કાયમ કરવામા આવે છે અને જો હુકમ કરવામા આવેલ ન હોય તો અપીલ સમય વિત્યા બાદ તેના મુળ માલિકની ખરાઈ કરવા જરૂરી ઈન્કવાયરી કરી તેમને કાયમ પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા.૧૩/૫/૨૦૨૩ ના સ્પેશીયલ સીટીંગમા જાહેર કરવામા આવેલ છે.

તા:૧૩/૫/૨૦૨૩ **(હીના જીતેન્દ્રભાઈ બ્રહમભટ્ટ)**

અમદાવાદ. **ઈ/ચા.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ**

**કોર્ટ નં.૨, અ મ દા વા દ.**

**કોડ નંબર જી.જે. ૦૧૧૭૨**